જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૫/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૩૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૨/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૬૬	૪	૧૧૪૭૦	૧૭૫૮૫	૪	૧૭૫૮૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૧	૦	૮૧	૨૯૫	૦	૨૯૫
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૫૦૨૧	૩૪૯	૪૫૩૭૦	૪૫૮૭૪	૩૪૨	૪૬૨૧૬
કુલ		૬૧૨૭૬	૩૫૩	૬૧૬૨૯	૬૯૯૯૭	૩૪૬	૭૦૩૪૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૦	૧,૬૩,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૪૨	૧૮,૪૨,૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન :

અમદાવાદ શહેરમાંથી તડીપાર થયેલ તેમજ વડોદરા શહેરના હરણી પોલીસ સ્ટેશનના મારામારીના ગુનાના વોન્ટેડ આરોપીને પકડી પાડતી રામોલ પોલીસ

મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૧૨/૦૫/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી તડીપાર થયેલ ઈસમો તેમજ વોન્ટેડ આરોપીઓ ચેક કરી મળી આવેથી કાયદેસર કાર્યવાહી કરવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ તથા પો.કો પ્રદીપસિંહ ભરતસિંહ બ.નં.૭૦૯૫ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે વડોદરા સીટી હરણી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૬૦૩૬૨૧૦૧૪૦/૨૧ ધી ઈપીકો કલમ ૨૯૯,૨૭૦,૩૨૩૩૨૪,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામનો વોન્ટેડ આરોપી તથા અમદાવાદ શહેર તથા તેના નજીકના જીલ્લાઓ માંથી બે વર્ષ માટે તડીપાર થયેલ ઈસમ ઘનશ્યામ અમરસિંહ રાજપુત નો રામોલ એક્ષપ્રેસ હાઈવે તરફ થી ચાલતો આવી અત્રે થઈ તેના ઘર તરફ જવાનો છે જે બાતમી આધારે રામોલ સીટીએમ ચાર રસ્તા ખાતે પંચો સાથે વોચ તપાસ કરતા આરોપી ઘનશ્યામ અમરસિંહ રાજપુત ઉવ:૨૬ રહે:બી/૨૦ રાધાકુષ્ણનગર સીટીએમ રામોલ અમદાવાદ શહેર નાઓ મળી આવતા સદરીની પુછપરછ દરમ્યાન પોતે છેલ્લા એક મહીનાથી વડોદરા સીટી હરણી પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુનામાં વોન્ટેડ હોવાનુ જણાવતા સદરી આરોપીને તા:૧૨/૦૫/૨૦૨૧ ના કલાક ૨૦/૦૦ વાગ્યે સીઆરપીસી કલમ ૪૧(૧)આઈ મુજબ પકડી અટક કરી સદરી આરોપીને અમદાવાદ શહેર તથા તેના નજીકના જીલ્લઓ માંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોય જે બાબતે જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન :

રોકડ રૂપિયા ૧૫,૪૫૦/- તથા ગંજીપાના મળી કુલ કિંમત રૂપિયા ૧૫,૪૫૦/- ના મુદ્દામાલ સાથે ચાર ઈસમો ઝડપાયા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી “આઈ” ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તારીખ:૧૨/૦૫/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની પ્રવુર્તીઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ તથા પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧ નાઓને મળેલ સંયુક્ત બાતમી આધારે રામોલ સુર્યમ ગ્રીન ત્રણ રસ્તા શાશ્વત મહાદેવ વિભાગ:૧ મકાન નં.ઈ/૩૦૩ માં પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) દલપતભાઈ સોમાભાઈ પંચાલ ઉવ:૩૬ રહે:ઈ/૩૦૩ શાશ્વત મહાદેવ વિભાગ:૦૧ સુર્યમ ગ્રીન ત્રણ રસ્તા પાસે વસ્ત્રાલ રોડ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૨) ગણપતભાઈ લવજીભાઈ પંચાલ ઉવ:૩૧ રહે:સી/૬૮૮ અરનાથ સોસાયટી અર્બુદાનગર ઓઢવ અમદાવાદ શહેર તથા નં.(૩) તુષાર રમેશભાઈ ઠક્કર ઉવ:૨૮ રહે:૪૪ ઉત્તમનગર સોસાયટી શીવાલીક હોસ્પીટલની બાજુમાં વીરાટનગર અમદાવાદ શહેર તથા નં.(૪) સંજયભાઈ નટવરભાઈ પંચાલ ઉવ:૨૯ રહે:એ/૫ ગોકુલનગર સુરેલીયા રોડ રામોલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા ગંજી પાના નંગ:૫૨ તથા રોકડા નાણા રૂપીયા ૧૫૪૫૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૧૫૪૫૦/- ના મુદ્દામાલ સાથે પકડી તમામ આરોપીઓ વિરૂધ્ધ ધી જુગાર ધારા ૪ ,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.



પાસા અટકાયતની વિગત

શહેરકોટડા પોલીસ સ્ટેશન :

શરીર સબંધી ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિનીયર પો.ઈન્સ. એસ.જે.રાજપુત તથા સે.પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા સાગર કનુભાઇ ચાવડા ઉ.વ.૨૩ રહે, આંબેડકરનગર લાઇન નં.૪ પ્રેમનગર, મેમ્કો અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૦૧૦૪૬/૨૦૨૦ ઈપીકો ૩૫૪(ક), ૩૨૩, ૫૦૬(૧), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) તથા પોક્સો એક્ટ કલમ ૭, ૮ મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટે. પાર્ટ-એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૩૩૩/૨૦૨૧ ઈપીકો ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેર ના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૩૪૮/૨૦૨૧ તા.૧૨/૦૫/૨૦૨૧ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૨/૦૫/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૩૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૬૯૬ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬ કવાર્ટર ઇંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૧૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૮૪૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૮૪૧/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટઃ હાસમભાઈ દાઉદભાઈ સોરઠીયા (ઉ.વ.૩૬)(રહે.ગુલઝાર પાર્ક ગેટ નંબર-૩, અંબર ટાવર સામે ફતેહવાડી) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૫/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી. પાછળ, જમાલપુર બ્રિજની નિચે રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી